ટીમ	મેચ	જીત	હાર	રદ	પોઇન્ટ	નેટ રન
SRH	11	7	4	0	14	0.737
PBKS	10	6	3	1	13	0.571
RCB	10	6	4	0	12	1.234
RR	10	6	4	0	12	0.510
GT	10	6	4	0	12	-0.147
CSK	10	5	5	0	10	0.151
KKR	10	4	5	1	9	-0.169
DC	11	4	7	0	8	-1.154
MI	10	3	7	0	6	-0.649
LSG	10	3	7	0	6	-0.934

કોલકાતાનો દિલ્હી સામે શાનદાર વિજય

ફિન એલનની તોફાની સદી, KKRની સતત ચોથી જીત

દિલ્હી કેપિટલ્સ પ્લેઓફની રેસમાંથી લગભગ બહાર

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) એ સ્પિનરોના શાનદાર પ્રદર્શન અને ફિન એલનની તોફાની સદીની મદદથી દિલ્હી કેપિટલ્સ (DC)ને 8 વિકેટે હરાવી પ્લેઓફની આશા જીવંત રાખી છે.

શુક્રવારે રમાયેલી આ મેચમાં દિલ્હીએ પ્રથમ બેટિંગ કરતા 20 ઓવરમાં 8 વિકેટે 142 રન બનાવ્યા હતા, જેના જવાબમાં KKRએ માત્ર 14.2 ઓવરમાં લક્ષ્ય પ્રાપ્ત કરી લીધું હતું.

દિલ્હી તરફથી પથુમ નિસાંકાએ 29 બોલમાં 50 રન અને આશુતોષ શર્માએ 28 બોલમાં 39 રનનું યોગદાન આપ્યું હતું. જોકે, KKRના સ્પિનરોએ દિલ્હીના બેટ્સમેનોને રન



બનાવવા માટે સંઘર્ષ કરાવી દીધો હતો. અનુકુલ રોયે 31 રન આપી 2 વિકેટ ઝડપી હતી, જ્યારે સુનીલ નરીને 17 રનમાં 1 વિકેટ અને વરુણ ચક્રવર્તીએ ચુસ્ત બોલિંગ કરી હતી. ફાસ્ટ બોલર કાર્તિક ત્યાગીએ 25 રનમાં 2 વિકેટ લઈ સ્પિનરોને સાથ આપ્યો હતો.

લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી KKR માટે ઈમ્પેક્ટ પ્લેયર ફિન એલન કાળ સાબિત થયો હતો. તેણે માત્ર 47 બોલમાં 10 છગ્ગા અને 5 ચોગ્ગાની મદદથી અણનમ 100 રન બનાવી દિલ્હીના બોલિંગ આક્રમણને વેરવિખેર કરી નાખ્યું હતું.

અજિંક્ય રહાણે અને અંગક્રિશ રઘુવંશી સસ્તામાં આઉટ થયા હોવા છતાં એલનની આક્રમક બેટિંગને કારણે KKRએ આસાનીથી વિજય મેળવ્યો હતો. આ જીત સાથે KKR પોઈન્ટ ટેબલમાં સાતમા સ્થાને પહોંચ્યું છે, જ્યારે દિલ્હી માટે હવે પ્લેઓફના દરવાજા લગભગ બંધ થઈ ગયા છે.

દિલ્હી કેપિટલ્સ	રન	બોલ	4	6
નિસાંકા સ્ટ. રઘુવંશી બો રોય	50	29	5	3
રાહુલ કો ગ્રીન બો કાર્તિક	23	14	4	0
નીતીશ કો નરીન બો ગ્રીન	8	10	1	0
રીઝવી કો પોવેલ બો નરીન	3	7	0	0
સ્ટબ્સ બો રોય	2	4	0	0
અક્ષર કો રોય બો અરોડા	11	22	0	0
આશુતોષ કો રહાણે બો કાર્તિક	39	28	3	3
વિપરાજ નિગમ અણનમ	3	3	0	0
સ્ટાર્ક રન આઉટ	0	2	0	0
દુંગી એનગીડી અણનમ	1	1	0	0
વધારાના	2			
કુલ 20 ઓવરમાં 8 વિકેટે	142 રન			

વિકેટ પતન: 1-49, 2-74, 3-80, 4-85, 5-89, 6-128, 7-140, 8-140

બોલિંગ	O	M	R	W
અનુકુલ રોય	4	0	31	2
વૈભવ અરોડા	3	0	29	1
સુનિલ નરીન	4	0	17	1
કાર્તિક ત્યાગી	4	0	25	2
વરૂણ ચક્રવર્તી	4	0	28	0
કેમરોન ગ્રીન	1	0	12	1

કોલકાતા નાઈટ રાઈડર્સ	રન	બોલ	4	6
રહાણે રન આઉટ	13	9	1	1
ફિન એલેન અણનમ	100	47	5	10
અંગકૃશ બો અક્ષર	1	3	0	0
ગ્રીન અણનમ	33	27	0	2
વધારાના	0			
કુલ 14.2 ઓવરમાં 2 વિકેટે	147 રન			

વિકેટ પતન: 1-29, 2-31

બોલિંગ	O	M	R	W
મિચેલ સ્ટાર્ક	3	0	31	0
અક્ષર પટેલ	4	0	27	1
લુંગી એનગીડી	2	0	7	0
વિપરાજ નિગમ	2	0	34	0
કુલદીપ યાદવ	3	0	41	0
મુકેશ કુમાર	0.2	0	7	0

ખેલાડીઓના રૂમમાં 'બિનઅધિકૃત' પ્રવેશ પર BCCIનો પ્રતિબંધ

બીસીસીઆઈએ હની ટ્રેપ અને સુરક્ષા જોખમની ચેતવણી આપી

અનધિકૃત લોકોની હોટલમાં ખેલાડીઓ સાથે મુલાકાત અને અન્ય નિયમોના ભંગ સામે બીસીસીઆઈએ સખત પગલાં લીધા.

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): આઈપીએલ (IPL) 2026 દરમિયાન ગેરવર્તણૂક અને પ્રોટોકોલના ભંગની ઘટનાઓને ગંભીરતાથી લેતા, BCCIએ ખેલાડીઓ, સપોર્ટ સ્ટાફ અને ટીમ અધિકારીઓના હોટલ રૂમમાં બિનઅધિકૃત મુલાકાતીઓના પ્રવેશ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો છે. બોર્ડની એન્ટી-કરપ્શન યુનિટે (ACU) અનધિકૃત લોકોની હોટલમાં મુલાકાત અને અન્ય નિયમોના ભંગનો મુદ્દો ઉઠાવ્યો હતો. બીસીસીઆઈએ હની ટ્રેપ, સુરક્ષા જોખમો અને કાયદાકીય જવાબદારીઓ અંગે પણ ચેતવણી આપી છે.

હોટલ અને રૂમ માટેના નવા નિયમો:

BCCI સચિવ દેવજીત સૈકિયાએ એડવાઈઝરીમાં જણાવ્યું છે કે, કોઈપણ મહેમાનને ખેલાડી કે અધિકારીના ખાનગી રૂમમાં લઈ જવા માટે ટીમ મેનેજરની લેખિત મંજૂરી અનિવાર્ય રહેશે. જોવામાં આવ્યું છે કે કેટલાક ખેલાડીઓ મેનેજરની જાણ બહાર અજાણ્યા લોકોને રૂમમાં પ્રવેશ આપે છે, જે ટૂર્નામેન્ટ અને બોર્ડની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી શકે છે. આ ઉપરાંત, ખેલાડીઓ રાત્રે અસાધારણ કલાકોમાં સુરક્ષા અધિકારીને જાણ કર્યા વિના હોટલની બહાર નીકળી શકશે નહીં.

ટીમ માલિકો પર ખેલાડીઓને મળવા પર પ્રતિબંધ:

બોર્ડે કડક સૂચનાઓ આપી છે કે લાઈવ મેચ દરમિયાન ટીમ માલિકો ખેલાડીઓ સાથે વાતચીત કરવા, તેમને મળવા કે ભેંટવાનો પ્રયાસ કરી શકશે નહીં. ડગઆઉટ, ડ્રેસિંગ રૂમ કે પ્લેઈંગ એરિયામાં ટીમ માલિકોનો પ્રવેશ પ્રતિબંધિત ઝોન પ્રોટોકોલ મુજબ જ રહેશે. જો આ નિયમોનો ભંગ થશે તો દંડથી લઈને સસ્પેન્શન સુધીની કાર્યવાહી થઈ શકે છે.

વેપિંગ અને ઈ-સિગારેટ પર પ્રતિબંધ:

રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રિયાન પરાગ ડ્રેસિંગ રૂમની બાલ્કનીમાં વેપિંગ કરતા જોવા મળ્યા બાદ બોર્ડે આ બાબતે કડક વલણ અપનાવ્યું છે. ભારતીય કાયદા હેઠળ વેપિંગ અને ઈ-સિગારેટ પ્રતિબંધિત હોવાથી, ટૂર્નામેન્ટના કોઈપણ સ્થળે, હોટલ કે પ્રેક્ટિસ સુવિધામાં તેનો ઉપયોગ કરનાર સામે કાયદાકીય ગુનો નોંધાઈ શકે છે.

રેપિડ સેક્શનમાં ગુકેશે ફેબિયાનો કારુઆનાને હરાવ્યો

રેપિડ ઇવેન્ટના અંતે ગુકેશ કારુઆના અને જાન-ક્રઝિસ્તોફ ડુડા સાથે સંયુક્ત રીતે ચોથા સ્થાને રહ્યો

બ્લિટ્ઝ સેક્શનમાં હજુ 18 રાઉન્ડ રમવાના બાકી

વોર્સો (પોલેન્ડ), તા. 8 (પીટીઆઈ): પોલેન્ડના વોર્સોમાં રમાઈ રહેલી સુપર રેપિડ અને બ્લિટ્ઝ ટુર્નામેન્ટના રેપિડ સેક્શનના નવમા અને અંતિમ રાઉન્ડમાં ભારતીય ગ્રાન્ડમાસ્ટર ડી. ગુકેશે અમેરિકાના



ફેબિયાનો કારુઆના સામે શાનદાર વિજય મેળવ્યો છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી નબળા ફોર્મ સામે ઝઝૂમી રહેલા 19 વર્ષીય ગુકેશે આ જીત સાથે ફોર્મમાં પરત ફરવાના સંકેત આપ્યા છે. રેપિડ ઈવેન્ટના અંતે ગુકેશ 9 પોઈન્ટ સાથે કારુઆના અને જાન-ક્રઝિસ્તોફ ડુડા સાથે સંયુક્ત રીતે ચોથા સ્થાને રહ્યો છે. હવે બ્લિટ્ઝ સેક્શનમાં હજુ 18 રાઉન્ડ રમવાના બાકી છે.

રેપિડ સેક્શનના અંતિમ દિવસે ગુકેશની શરૂઆત નબળી રહી હતી, જેમાં તેણે મેક્સિમ વાચિયર-લાગ્રેવ સામે હારનો સામનો કરવો પડ્યો હતો, જ્યારે ફેરોસીવ સામેની મેચ ડ્રો રહી હતી. જોકે, અંતિમ રાઉન્ડમાં કારુઆના સામેની રમત નિર્ણાયક રહી હતી. કારુઆનાએ શરૂઆતમાં એક પ્યાદો જીતીને પ્રભુત્વ જમાવ્યું હતું, પરંતુ 38મી ચાલ પર તેણે ભૂલ કરી જેનો ફાયદો ઉઠાવી ગુકેશે જીત મેળવી હતી. આ સેક્શનમાં વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી મેળવનાર હંસ મોકે નિમન 13 પોઈન્ટ સાથે વિજેતા બન્યો છે. બ્લિટ્ઝ મુકાબલા વિશે ગુકેશે રમુજમાં જણાવ્યું કે, ઝડપથી રમો અને પ્રાર્થના કરો એ જ તેની રણનીતિ રહેશે.

આજે ગુજરાત અને રાજસ્થાન વચ્ચે ટેબલમાં ઉપર જવા માટેની જંગ

પોઈન્ટ ટેબલમાં બંને ટીમો 10 મેચોમાં 6 જીત અને 4 હાર સાથે સમાન સ્તરે છે

મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી

જયપુર, તા. 8 (પીટીઆઈ): જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં શનિવારે ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે આઈપીએલની મેચ રમાશે. પોઈન્ટ ટેબલમાં બંને ટીમો 10 મેચોમાં 6 જીત અને 4 હાર સાથે સમાન સ્તરે છે, પરંતુ નેટ રન રેટના કારણે રાજસ્થાન ચોથા અને ગુજરાત તેનાથી નીચે છે.

સતત 3 મેચ જીતીને આત્મવિશ્વાસથી લથબથ શુભમન ગિલની ટીમ આ મેચ જીતીને ટોપ 4માં પ્રવેશ કરવા માટે પ્રબળ દાવેદાર માનવામાં આવે છે.

રાજસ્થાન રોયલ્સ માટે ચિંતાનો વિષય તેમનું નબળું બોલિંગ પ્રદર્શન છે, કારણ કે છેલ્લા બે મુકાબલામાં

220થી વધુનો સ્કોર નોંધાવવા છતાં તેઓ તેનો બચાવ કરી શક્યા નથી. કેપ્ટન રિયાન પરાગે દિલ્હી સામે 90 રન બનાવ્યા હતા, છતાં ટીમ હારી ગઈ હતી. રાજસ્થાન પાસે વૈભવ સૂર્યવંશી (404 રન) અને યશસ્વી જયસ્વાલ (312 રન) જેવા ફોર્મમાં રહેલા બેટ્સમેનો છે, પરંતુ મધ્ય ઓવરોમાં બોલરોનું પ્રદર્શન નબળું રહ્યું છે.

બીજી બાજુ, ગુજરાત ટાઈટન્સ યોગ્ય સમયે ફોર્મમાં આવી રહી છે. કેપ્ટન ગિલ (378 રન) અને સાઈ સુદર્શન (385 રન) શાનદાર બેટિંગ કરી રહ્યા છે. સુદર્શને છેલ્લી 4 મેચમાં બે ફિફ્ટી અને એક સદી ફટકારી છે. બોલિંગમાં કાગીસો રબાડા (16 વિકેટ), પ્રસિદ્ધ કૃષ્ણા (12 વિકેટ) અને મોહમ્મદ સિરાજની (11 વિકેટ) ત્રિપુટી વિરોધી ટીમો પર દબાણ બનાવી રહી છે. આ મેદાન પર મોટા સ્કોર ચેઝ થઈ રહ્યા હોવાથી ટોસ જીતનાર ટીમ પહેલા ફિલ્ડિંગ કરવાનું પસંદ કરશે.

ભારતીય મહિલા ટીમ પ્રથમ વખત U-17 એશિયન કપની ક્વાર્ટર ફાઈનલમાં

જો ભારત ક્વાર્ટર ફાઈનલમાં જીતશે તો '2026 FIFA U-17 મહિલા વર્લ્ડકપ' માટે ક્વોલિફાય થશે

U-17 ભારતીય મહિલા ફુટબોલ ટીમે લેબનોનને 4-0થી હરાવ્યું

સુઝોઉ (ચીન), તા. 8 (પીટીઆઈ): ભારતીય અંડર-17 મહિલા ફૂટબોલ ટીમે શુક્રવારે ચીનના સુઝોઉ ખાતે રમાયેલી મેચમાં લેબનોનને 4-0થી કચડી નાખીને ઈતિહાસ રચી દીધો છે.

આ શાનદાર જીત સાથે ભારત પ્રથમ વખત 'AFC U17 મહિલા એશિયન કપ'ની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યું છે. ફિલિપાઈન્સ અને ચાઈનીઝ તાઈપેઈ વચ્ચેની મેચના પરિણામ બાદ ભારત બે શ્રેષ્ઠ ત્રીજા સ્થાને રહેલી ટીમોમાં સ્થાન મેળવીને નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશ્યું છે. મેચની શરૂઆતથી જ ભારતે આક્રમક રમત બતાવી હતી. પ્રિતિકા બર્મન (7મી અને 85મી મિનિટ), અલ્વા દેવી સેંજમ (36મી) અને જોયાએ (72મી) ગોલ કરીને ભારતને મજબૂત સ્થિતિમાં મૂક્યું હતું. વર્ષ 2005 પછી આ ટુર્નામેન્ટમાં ભારતની આ પ્રથમ જીત અને પ્રથમ ગોલ છે. હવે સોમવારે ક્વાર્ટર ફાઈનલમાં ભારતનો સામનો યજમાન ચીન સામે થશે. જો ભારત આ મેચ જીતશે, તો તે મોરોક્કોમાં યોજાનારા '2026 FIFA U-17 મહિલા વર્લ્ડકપ' માટે ક્વોલિફાય થશે, જે ભારતીય ફૂટબોલના ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ હશે.

આર્ચરી વર્લ્ડ કપ: સિમરનજીત અને સાહિલ મેડલની રેસમાં

સિમરનજીત રીકર્વ અને સાહિલ કમ્પાઉન્ડ સેમીફાઈનલમાં પહોંચ્યા: દીપિકા અને જ્યોતિ આઉટ

શંઘાઈ, તા. 8 (પીટીઆઈ): શાંઘાઈમાં ચાલી રહેલા આર્ચરી વર્લ્ડ કપ સ્ટેજ-2માં ભારત માટે મિશ્ર દિવસ રહ્યો હતો. મહિલા રીકર્વ ઈવેન્ટમાં હરિયાણાની સિમરનજીત કૌરે શાનદાર લય બતાવતા સેમીફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. તેણે ક્વાર્ટર ફાઈનલમાં તાઈવાનની ફોંગ યુ ઝૂને 6-0થી હરાવી હતી. હવે સેમીફાઈનલમાં તેનો સામનો વિશ્વની નંબર 1 કોરિયન આર્ચર કાંગ ચેયંગ સામે થશે. જોકે, અનુભવી દીપિકા કુમારી પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં હારીને બહાર થઈ ગઈ હતી.

બીજી તરફ, કમ્પાઉન્ડ વિભાગમાં સાહિલ જાધવે બધાને ચોંકાવતા

સેમીફાઈનલમાં જગ્યા બનાવી છે. સાહિલે ક્વાર્ટર ફાઈનલમાં ઓસ્ટ્રિયાના નિકો વિનરને શૂટ-ઓફમાં 10-9 થી હરાવ્યો હતો. અગાઉ તેણે સાથી ખેલાડી અભિષેક વર્માને 149-147 થી પરાજય આપ્યો હતો. ભારત માટે ટીમ ઈવેન્ટ્સ નિરાશાજનક રહી હતી, જ્યાં એક પણ મેડલ મળ્યો નથી. વ્યક્તિગત શ્રેણીમાં પણ અદિતિ સ્વામી અને કુશલ દલાલ ક્વાર્ટર ફાઈનલમાં શૂટ-ઓફમાં હારી ગયા હતા, જ્યારે જ્યોતિ સુરેખા વેન્નમ અને ઓજસ દેવતાલે વહેલા બહાર ફેંકાઈ ગયા હતા. રીકર્વ પુરુષોમાં ધીરજ બોમ્માદેવરા પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં 0-6 થી હારી ગયો હતો.

સબાલેન્કા અને મેદવેદેવ 'તટસ્થ' તરીકે રમવાનું ચાલુ રાખશે: ITFનો નિર્ણય

લંડન, તા. 8 (એપી): ઈન્ટરનેશનલ ટેનિસ ફેડરેશન (ITF) એ શુક્રવારે સ્પષ્ટ કર્યું છે કે રશિયા અને બેલારુસના ટેનિસ ફેડરેશન પર લાદવામાં આવેલા પ્રતિબંધો યથાવત રહેશે. આનો અર્થ એ છે કે આર્યના સબાલેન્કા અને દેનિયલ મેદવેદેવ જેવા દિગ્ગજ ખેલાડીઓએ હજુ પણ કોઈપણ દેશના નામ કે ઝંડા વગર 'તટસ્થ' સ્ટેટસ હેઠળ રમવું પડશે.

તાજેતરમાં ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC)એ રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે આ ખેલાડીઓને તેમની રાષ્ટ્રીય ઓળખ સાથે રમવાની મંજૂરી આપવા સંકેત આપ્યા હતા, પરંતુ ITFએ હાલમાં પોતાનું વલણ બદલવાનો ઈનકાર કર્યો છે. બેલારુસ ટેનિસ ફેડરેશનના સભ્યપદ અંગે ઓક્ટોબરમાં મળનારી બેઠકમાં વિચારણા કરવામાં આવશે. હાલમાં બંને દેશો ડેવિસ કપ અને બિલી જીન કિંગ કપ જેવી ટીમ સ્પર્ધાઓમાંથી બહાર જ રહેશે.

એશિયન ગેમ્સ ટ્રાયલ્સ: વિનેશ ફોગાટે 2024માં નિવૃત્તિની જાણ કરી હતી- UWW

વિનેશને એશિયન ગેમ્સ માટે પસંદ થવાથી અટકાવવા માટે પસંદગીના માપદંડોમાં કોઈ ફેરફાર કરાયો નથી: WFI

વિનેશ ફોગાટની નિવૃત્તિ અંગે ડબ્લુએફઆઈ એ ખુલાસો કર્યો

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગના (UWW) એન્ટી-ડોપિંગ વિભાગે પુષ્ટિ કરી છે કે વિનેશ ફોગાટે 20 ડિસેમ્બર 2024ના રોજ સત્તાવાર રીતે ઈન્ટરનેશનલ ટેસ્ટિંગ એજન્સી (ITA)ને પોતાની નિવૃત્તિની જાણ કરી હતી. આ સાથે જ તેને 'રજિસ્ટર્ડ ટેસ્ટિંગ પૂલ' (RTP) માંથી હટાવી દેવામાં આવી હતી.જોકે, વિનેશના પતિ સોમબીરે દાવો કર્યો હતો કે તેણે માત્ર સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી અને સત્તાવાર રીતે નિવૃત્તિ લીધી નથી. વાડા (WADA)ના નિયમ મુજબ, નિવૃત્તિ બાદ પરત ફરવા માટે ખેલાડીએ રમત શરૂ કરતા પહેલા 6 મહિના સુધી પરીક્ષણ માટે ઉપલબ્ધ રહેવું પડે છે, અન્યથા તેના પરિણામો અમાન્ય ગણાઈ શકે છે. વિનેશે 12 ડિસેમ્બરે વાપસીની જાહેરાત કરી હતી, પરંતુ 18 ડિસેમ્બરે ડોપ ટેસ્ટમાં ગેરહાજર રહી હતી, જે તેની પ્રથમ નિષ્ફળતા તરીકે નોંધાઈ છે.

બીજી બાજુ, રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ના અધ્યક્ષ સંજય સિંહે જણાવ્યું કે વિનેશને એશિયન ગેમ્સ માટે પસંદ થવાથી અટકાવવા માટે પસંદગીના માપદંડોમાં કોઈ ફેરફાર કરાયો નથી. ફેડરેશને સ્પષ્ટ કર્યું કે 2025ના નેશનલ્સ અને 2026ના ફેડરેશન કપના વિજેતાઓ જ એશિયન ગેમ્સની ટ્રાયલ્સ માટે પાત્ર રહેશે. વધુમાં, જે ખેલાડીઓ નેશનલ કેમ્પમાં જોડાશે નહીં અથવા વિયેતનામમાં યોજાનારી U23 એશિયન ચેમ્પિયનશિપમાંથી નામ પરત ખેંચશે, તેમને એશિયન ગેમ્સની ટ્રાયલ્સમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં. મહિલા ટીમની ટ્રાયલ્સ 30 મેના રોજ દિલ્હીમાં યોજાશે.

પાકિસ્તાન સામે બાંગ્લાદેશની મજબૂત શરૂઆત

પ્રથમ દિવસના અંતે બાંગ્લાદેશે 4 વિકેટ ગુમાવી 301 રન બનાવ્યા.

ઢાકા, તા. 8: પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે આજથી ઢાકાના શેર-એ-બાંગ્લા સ્ટેડિયમમાં બે ટેસ્ટ મેચોની શ્રેણીનો પ્રારંભ થયો છે. મેચના પ્રથમ દિવસે પાકિસ્તાને ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો, જે બાંગ્લાદેશી બેટ્સમેનોએ ખોટો સાબિત કર્યો છે. પ્રથમ દિવસની રમત પૂરી થતા સુધીમાં બાંગ્લાદેશની ટીમે 85 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 301 રન બનાવી પોતાની સ્થિતિ મજબૂત કરી છે.

બાંગ્લાદેશ તરફથી કેપ્ટન નજમુલ હુસૈન શાંતોએ આક્રમક બેટિંગ કરતા 130 બોલમાં 101 રન ફટકાર્યા હતા. આ ઉપરાંત મોમિનુલ હકે પણ ધૈર્યપૂર્વક રમતા 200 બોલમાં 91 રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. પાકિસ્તાની બોલરો માટે આજનો દિવસ ઘણો મુશ્કેલ રહ્યો હતો. સ્ટાર ફાસ્ટ બોલર શાહીન આફ્રીદીએ 19 ઓવરમાં 67 રન આપીને માત્ર 1 વિકેટ ઝડપી હતી, જ્યારે મોહમ્મદ અબ્બાસ, હસન અલી અને નૌમાન અલીને પણ 1-1 વિકેટ મળી હતી. દિવસના અંતે મુશફિકુર રહીમ 48 અને લિટન દાસ 8 રને રમી રહ્યા છે.

ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ સાઉદી પ્રો લીગમાં ફટકારી ગોલની સદી

અલ-નાસરની અલ-શબાબ સામે 4-2થી જીત: ટાઈટલ રેસમાં રોમાંચક વળાંક

રિયાધ, તા. 8 (એપી): ફૂટબોલના દિગ્ગજ ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. શુક્રવારે રમાયેલી મેચમાં અલ-નાસરે અલ-શબાબને 4-2થી હરાવ્યું, જેમાં રોનાલ્ડોએ સાઉદી પ્રો લીગમાં પોતાનો 100મો ગોલ નોંધાવ્યો હતો.

41 વર્ષીય રોનાલ્ડોએ મેચની 75મી મિનિટે સાડિયો માનેના ક્રોસ પર શાનદાર ગોલ કર્યો હતો. આ તેના

કરિયરનો 971મો અને આ સીઝનનો 26મો લીગ ગોલ હતો.

અલ-નાસર તરફથી જોઆઓ ફેલિક્સે પણ શાનદાર પ્રદર્શન કરતા 3 ગોલ (હેટ્રિક) નોંધાવ્યા હતા. આ જીત સાથે અલ-નાસર 32 મેચમાં 82 પોઈન્ટ સાથે ટેબલમાં પ્રથમ સ્થાને પહોંચી ગયું છે, જે અલ-હિલાલ કરતા 5 પોઈન્ટ આગળ છે. જોકે, અલ-હિલાલે હજુ એક મેચ ઓછી રમી છે.

હવે આગામી મંગળવારે અલ-નાસર અને અલ-હિલાલ વચ્ચે રિયાધ ડર્બી રમાશે, જે આ સીઝનનું ટાઈટલ નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. ડિસેમ્બર 2022માં અલ-નાસર સાથે જોડાયા બાદ પાંચ વખતનો બેલોન ડી'ઓર વિજેતા રોનાલ્ડો હજુ પણ સાઉદીમાં પોતાની પ્રથમ મોટી ટ્રોફીની શોધમાં છે.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

CIN U40102GJ2003SGC042909

રજી. અને કોર્પોરેટ કચેરી: 'ઊર્જા સદન'

નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત - ૩૯૫૦૦૬

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

DGVCL

ખેતી વિષયક ફિડરોના વીજ પુરવઠાના સમયમાં ફેરફાર અંગેની જાહેરખબર

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે બારડોલી વિભાગીય કચેરી હેઠળ આવતા ૬૬ કેવી માંડવી સબ-સ્ટેશન અને ૬૬ કેવી ઉમરખાડી સબ-સ્ટેશન થી નીકળતા નીચે જણાવેલ ખેતીવાડી ફિડરોનો રોજનો ચાલુ અને બંધ થવાના સમયમાં તારીખ ૧૦.૦૫.૨૦૨૬ (રવિવાર) થી ખેતીવાડી ગ્રુપ સમયમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવેલ છે, જેની નોંધ લેવા વિનંતી છે.

અ.નં.	સબ-સ્ટેશનનું નામ	ખેતીવાડી ફિડરનું નામ	ખેતીવાડી ગ્રુપ	હાલનો ગ્રુપ સમય	હવે પછીનો ગ્રુપ સમય
૧	૬૬ કેવી માંડવી સબ-સ્ટેશન	૧૧ કેવી પીપલવાડા એજી ફિડર	DS2	૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૨		૧૧ કેવી નાનીચેર એજી ફિડર	DS2		
૩		૧૧ કેવી રામેશ્વર એજી ફિડર	DS2		
૪		૧૧ કેવી ભાતખાઈ એજી ફિડર	DS1	૦૧:૦૦ થી ૧૩:૦૦ કલાક	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૫		૧૧ કેવી કોસાડી એજી ફિડર	DS1		
૬		૧૧ કેવી અમલસાડી એજી ફિડર	DS1		
૭		૧૧ કેવી તરસાડાબાર એજી ફિડર	DSG	૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૮	૬૬ કેવી ઉમરખાડી સબ-સ્ટેશન	૧૧ કેવી લુહારવાડ એજી ફિડર	DS1	૦૧:૦૦ થી ૧૩:૦૦ કલાક	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૯		૧૧ કેવી ગોડધા એજી ફિડર	DS1		૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૧૦		૧૧ કેવી લાખગામએજી ફિડર	DS2	૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૧૧		૧૧ કેવી તારાપુર એજી ફિડર	DS2		
૧૨		૧૧ કેવી ટિટોઈ એજી ફિડર	DSG	૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક

(શ્રી બી. કે. પટેલ), વિશેષ મુખ્ય ઇજનેર (સી. એન્ડ આર.), દ.ગુ.વી.કં.લિ, સુરત

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો